આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૩-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## ચુંટણીપંચ-ચુંટણી તૈયારી

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી છે. આ નિરિક્ષકો જીલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખશે. જો કે, તેમની પ્રાથમિક ફરજ મતદાનની પ્રક્રિયા વખતે મતદારોને કોઇપણ પ્રકારના પ્રલોભનો અપાતા તેમજ ગેરરીતી રોકવાની રહેશે. તેમને મતદાન યંત્રોની કોઇ ચોક્કસ ક્રમ વિના ચકાસણીની પણ ફરજ સોંપાઇ છે.

મતદાન પ્રક્રિયા પારદર્શક બનાવવા સંબંધિત અધિકારીઓએ તેમને સોંપેલ સંસદીય મતવિસ્તારમાં ઉપસ્થિત રહેવું પડશે તેમજ વેબસાઇટ અને વિવિધ મંચો દ્વારા તેમનો સંપર્ક કરી શકાય એ બાબત સુનિશ્ચિત કરવી પડશે. આ નિરિક્ષકો મતદાન મથકોની મુલાકાત પણ લેશે તેમજ જરૂર પડે તો રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ અને ચૂંટણી લડતાં ઉમેદવારો સાથે બેઠક પણ કરશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ચુંટણીપંચ-મતદાન પ્રુફ દસ્તાવેજ

કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ મતદારની ઓળખ માટેના મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો પણ ચૂંટણીપંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાં આધારકાર્ડ, જોબકાર્ડ, બેંક પાસબુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇંડિયન પાસપોર્ટ, સહીતના માન્ય દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિનનિવાસી ભારતીયએ જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો

તેઓએ મતદાન મથક પર ફક્ત અસલ પાસપોર્ટ રજૂ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, રાજયની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી તથા રાજયવિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી યોજાવાની છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-લોકસભા ચુંટણી જાહેરનામું

લોક સભાની આગામી સામાન્ય ચુંટણી-2024 સંદર્ભે કચ્છ જીલ્લામાં સમગ્ર રાજ્ય સાથે તારીખ 7 મી મેના યોજાનારા મતદાન માટે કચ્છ જીલ્લા ચુટણી અધિકારી અને જીલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરાએ મતદાનના દિવસે મતદાન મથકોએ મતદારોએ અનુસરવાના દિશાનિર્દેશો જાહેર કર્યા છે, તે મુજબ મતદારો મતદાન મથકના અધિકૃત પ્રવેશદ્વાર પર  એક જ કતારમાં એક પછી એક ઉભા રહેશે અને જે મતદાન મથકમાં મહિલા મતદારો માટે અલગ કતાર હોય તો તેઓ તે મુજબ અલગ અલગ કતારમાં ઉભા રહેશે.મતદારો એક પછી એક એમ વારા-ફરતી મત આપવા મતદાન મથકમાં જશે અને એક પુરૂષ મતદાર પછી બે સ્ત્રી મતદાર મત આપવા મતદાન મથકમાં જશે.દિવ્યાંગ મતદારો અને વરિષ્ઠ નાગરીકો (સિનીયર સિટીઝન)ને મતદાન માટે પ્રાથમિકતા આપવાની રહેશે.પોતાનો મત આપ્યા પછી મતદાર તુરંત જ મતદાન મથકનો વિસ્તાર છોડી ચાલ્યા જશે.

**(માહિતી ખાતુ)**

---

## રાજ્ય સબરજિસ્ટ્રાર ઓફિસ

રાજ્યની તમામ 294 સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં આગામી 29 માર્ચે જાહેર રજાના દિવસે પણ દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રહેશે. નિયમિત દિવસની જેમ જ ઓનલાઇન એપોઇટમેન્ટ મેળવી દસ્તાવેજ નોંધણી કરાવી

શકાશે. ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોવાથી જાહેર હિતને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ 294 સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

**(RNU અમદાવાદ)**

---

## ઈસરો-"પુષ્પક" પરીક્ષણ

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ISROએ કર્ણાટકના ચિત્રદુર્ગ ટેસ્ટ રેન્જમાં પોતાના ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન પુષ્પકનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવ્યું છે.ISROના અધ્યક્ષ એસ. સોમનાથે અવકાશયાનના સંપૂર્ણ ઓટોમેટિક મોડથી સંચાલન, ઉતરાણ અને ઇંધણ વ્યવસ્થાપનમાં સફળતા મેળવવા માટે ઇસરોના વૈજ્ઞાનિકોની ટીમને અભિનંદન આપ્યા છે..તેમણે વધુમાં જણાવ્યું છે કે, અવકાશમાંથી ખૂબ જ ઝડપથી જમીન ઉપર ઉતરાણ કરાવવામાં ઇસરોના વૈજ્ઞાનિકોએ વિકસાવેલ સ્વદેશી ટેક્નોલોજીનું આ સફળ પરીક્ષણ છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-રાપર-રવેચી ખાતે રામકથા પ્રારંભ

જાણીતા રામાયણી મોરારી બાપુની રામ પારાયણનો આજ થી પુર્વ કચ્છના પ્રસિદ્ધ યાત્રા રાપર તાલુકાના રવેચી ધામ ખાતે આરંભ થશે. નવ દિવસ ની રામકથા 31 મી માર્ચનાં વિરામ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે મોરારી બાપુની કચ્છની 34મી અને વાગડ પ્રદેશની સાતમી રામકથા છે. છેલ્લે ગયા વરસે એપ્રિલમાં નખત્રાણ તાલુકાના કોટડા જડોદર ખાતે કથા યોજાઈ હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## રાજ્ય-પાલિતાણા યાત્રાધામ

જૈન તીર્થધામ પાલિતાણામાં આજથી શેત્રુંજય પર્વતતીર્થ ખાતે છ ગાઉની યાત્રાનો આરંભ થશે.

આજ સવારથી ભાવિકોએ યાત્રાનો આરંભ કર્યો છે. પાલીતાણા તળેટીથી પ્રારંભ કરીને ગીરીરાજ પર્વત પર આદિશ્વર ભગવાનના દર્શન કરી યાત્રાનો પ્રારંભ કરશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ક્રિકેટ-IPL-CSK/RCB

આઇ.પી. એલની પ્રારંભિક મેચમાં ગત વર્ષની  ચેન્નઇ સુપર કિંગની ટીમે રોયલ ચેલેન્જર બેંગાલોર ટીમને 6 વિકેટે પરાસ્ત કરી વિજયી પ્રારંભ કર્યો છે. ચેન્નાઇનઈ ખાતે રમાયેલી આ મેચમાં બેંગલોરે આપેલા 173 રનના લક્ષ્યાંક સામે ચેન્નાઇની ટીમે 4 વિકેટના ભોગે 174 રન કરી મેચ જીતી લીધી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

-----------------------------------------------------------------------